# UNIVERSITY GRANTS COMMISSION
## UGC : HUMAN RESOURCE DEVELOPMENT CENTRE
## Saurashtra University, Rajkot.

ज्ञान - विज्ञानं विमुक्तये

*Dr. Kaladhar Arya*
*Professor-Director*

*No. UGC:HRDC/SUR/ 369 /2017*
*Date : 29 /07 /2017*

યુજીસી: માનવ સંસાધન વિકાસ કેન્દ્ર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટની સ્થાનિય કાર્યક્રમ અને વ્યવસ્થાપન સમિતિ(LPPMC)ની ૨૪મી બેઠક આજ તા. ૨૯/૦૭/૨૦૧૭ શનિવારના રોજ બપોરે ૦૧:૩૦ કલાકે આદરણીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને મળી, જેમાં નીચે દર્શાવેલાં સદસ્યશ્રીઓ ઉપસ્થિત રહ્યા.

| ક્રમ નં. | નામ | હોદ્દો | હાજર/ગેરહાજર |
|---|---|---|---|
| ૧. | ડો. પ્રતાપસિંહ ચૌહાણ<br>કુલપતિશ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ. | અધ્યક્ષશ્રી | હાજર |
| ૨. | ડો .મનોજ સોની<br>પૂર્વ કુલપતિશ્રી,<br>ડો.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ | સદસ્યશ્રી | ગેરહાજર |
| ૩. | ડો. એસ.એસ. સારંગદેવત<br>કુલપતિશ્રી જે.આર.એન. રાજસ્થાન વિદ્યાપીઠ યુનિવર્સિટી, ઉદેપુર | સદસ્યશ્રી | ગેરહાજર |
| ૪. | પ્રો. મહેન્દ્રભાઈ પાડલીયા<br>કુલપતિશ્રી શ્રી ગોવિંદગુરૂ યુનિવર્સિટી, ગોધરા | સદસ્યશ્રી | હાજર |
| ૫. | પ્રો. ગીતા સિંગ<br>ડાયરેકટર,<br>સી.પી.ડી.એચ.ઈ. (યુજીસી:એચઆરડીસી) દિલ્હી યુનિવર્સિટી, દિલ્હી | સદસ્યશ્રી | ગેરહાજર |
| ૬. | ડો. સંજય ભાયાણી<br>પ્રોફેસર–અધ્યક્ષ, વાણીજય ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,રાજકોટ | સદસ્યશ્રી | હાજર |
| ૭. | ડો. કલાધર આર્ય<br>પ્રોફેસર–ડાયરેકટર,<br>યુ.જી.સી. : એચ.આર.ડી.સી., સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,રાજકોટ. | સભ્ય<br>સચિવશ્રી | હાજર |
| ૮. | રજીસ્ટારશ્રી<br>સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,રાજકોટ. | વિશેષ<br>નિમંત્રિત | હાજર |
| ૯. | સી.એ.ઓ.<br>સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,રાજકોટ. | વિશેષ<br>નિમંત્રિત | હાજર |
| ૧૦. | ઓડિટરશ્રી<br>સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,રાજકોટ. | વિશેષ<br>નિમંત્રિત | હાજર |

નિયામકશ્રી ડૉ. કલાધર આર્યએ ઉપસ્થિત સર્વે સદસ્યશ્રીઓનું સહૃદય સ્વાગત કર્યુ અને અધ્યક્ષશ્રીની અનુમતિથી બેઠકની કાર્યવાહીનો આરંભ કર્યો, જેમાં સર્વાનુમતે નીચે મુજબના નિર્ણયો લેવામાં આવ્યા.

(૧) તા. ૧૦/૧૦/૨૦૧૫ ના રોજ સંપન્ન થયેલી ASC-AACની મીટીંગની મીનીટસ વંચાણે લઈ મંજુર કરવામાં આવી અને કુલપતિશ્રીએ તેમાં હસ્તાક્ષર કર્યા.

(૨) સને ૨૦૧૫ – ૧૬ ત્થા તા ૦૧/૦૪/૨૦૧૭ થી તા ૨૯/૦૭/૨૦૧૭ સુધીમાં UGC:HRDC ખાતે સંપન્ન થયેલાં વિવિધલક્ષી કાર્યક્રમોની આનંદ નોંધ લેવામાં આવી અને Team UGC:HRDC ને અભિનંદન પાઠવી કાર્યવાહી મંજુર કરવામાં આવે છે.

(૩) સને ૨૦૧૫–૨૦૧૬ ત્થા તા. ૦૧/૦૪/૨૦૧૭ થી તા ૨૯/૦૭/૨૦૧૭ સુધીના સઘળાં ખર્ચને માન્ય રાખી હિસાબો મંજુર કરવામાં આવે છે.

(૪) UGC:HRDC ખાતે ખાલી રહેલી શૈક્ષણિક અને બિનશૈક્ષણિક જગ્યાઓ ઉપર નિમણૂંક આપવા માટેની પ્રક્રિયા ગતિમાં છે. જેની વિગતો કુલસચિવશ્રી તરફથી આપવામાં આવી જેની નોંધ લેવામાં આવે છે.

(૫) વર્તમાન વ્યવસ્થા ઉપરાંત આવશ્કતાનુસાર ચેકથી ચુકવણું કરવું. Cashless University વ્યવસ્થાને કાયમ રાખીએ, Cashless માટે આવશ્યકતા જણાય તો અન્ય બેંકમાં નવું ખાતું ખોલાવી RTGS ની પ્રક્રિયા કરવી.

(૬) આંતર યુનિવર્સિટી ઈન્સ્ટિટ્યુટ તરીકે દેશભરમાં વ્યાપ્ત યુનિવર્સિટીઓ અને કોલેજો સાથે સરળતાથી અને ઝડપી પ્રત્યાયન કરી શકીએ અને Paperless વહીવટી પ્રક્રિયા માટે આવશ્યક શોફટવેર બનાવવા ઉપરાંત વર્તમાન Website માં નાવિન્યતા સભર પરિવર્તન કરવા.

(૭) યુજીસી ન્યુ દિલ્હી તરફથી મંજુર કરવામાં આવતાં કાર્યક્રમો ઉપરાંત સમાજોપયોગી વિવિધલક્ષી કાર્યક્રમો કરવા માટે મંજુરી આપવામાં આવે છે. નિયામકશ્રીને આ સંદર્ભમાં સત્તાઓ આપવામાં આવે છે. પરંતુ કાર્યક્રમોનું સ્વરૂપ, સમયગાળો, થનાર ખર્ચ જેવી બાબતે કુલપતિશ્રીની અનુમતિ મેળવવી.

(૧) અધ્યાપક કુટિર ખાતે કેન્ટીન સ્વરૂપે રેન્ટ કોન્ટ્રેક્ટ પ્રક્રિયા કરવી.
(૨) અધ્યાપક કુટિર ખાતે સૌર્ય ઊર્જા પ્રક્રિયા અંગે વિગતો મેળવી આગળ વધવું અને સઘળાં રૂમ A/C કરવા.
(૩) UGC:HRDC ખાતેના ગ્રંથાલયમાં રહેલા પુસ્તકોમાં વિદ્યાથીઓ, સંશોધકો, અધ્યાપકશ્રીઓ અને વાંચન રસિકો ઉપયોગ કરી શકે તે માટે તેઓને સદસ્યતા આપવી, સદસ્યતા શુલ્ક વાર્ષિક રૂા ૨૫૦/– રાખવું . સદરહુ રકમ અધ્યાપક કુટિર A/C માં જમા લેવા અને આવશ્યકતાનુસાર ખર્ચ કરવું.

મંજુર

16-01-2020

(ડૉ. કલાધર આર્ય)
પ્રોફેસર : ડાયરેકટર

નોંધ: આ બાબત ઠરાવ ક્રમાંક ૨ ત્થા ૩ માં ટાઈપીંગ ભૂલના કારણે ૨૦૧૭ ના બદલે ૨૦૧૮ એમ ટાઈપ થયું હતું જે સુધારવામાં આવેલ છે.

16.1.2020